# ઈરાનના રાષ્ટ્રપતિ અને વિદેશ મંત્રીના દુઃખદ અવસાન પર ભારતે એક દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે

20 મે, 2024

ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના પ્રમુખ મહામહિમ ડૉ. સૈયદ ઈબ્રાહીમ રાયસી અને ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના વિદેશ પ્રધાન મહામહિમ હુસેન અમીર-અબ્દોલ્લાહિયન, જેમનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં દુઃખદ અવસાન થયું છે તેમને શ્રદ્ધાંજલિ સ્વરૂપે ભારત સરકારે આવતીકાલે 21 મે 2024 ના રોજ એક દિવસીય રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. સમગ્ર ભારતમાં જ્યાં રાષ્ટ્રીય ધ્વજ નિયમિતપણે લહેરાતો હોય તે તમામ ઇમારતો પર શોકના દિવસે રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ લહેરાવામાં આવશે અને તે દિવસે કોઈ સત્તાવાર મનોરંજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે નહીં.

ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને વિદેશ પ્રધાન ડૉ. એસ. જયશંકરે મહામહિમ ડૉ. સૈયદ ઈબ્રાહીમ રાયસી અને મહામહિમ હુસેન અમીર-અબ્દોલ્લાહિયનના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે તેમના સંદેશામાં ભારત-ઈરાન સંબંધોને મજબૂત બનાવવામાં બંને નેતાઓએ ભજવેલી મહત્વપૂર્ણ ભૂમિકાની નોંધ લીધી.

**નવી દિલ્હી**
**20 મે, 2024**